## જાણકારીનો ખજાનો / FROM THE BOX OF KNOWLEDGE

### ભીતિ (ફો'બિયા) / PHOBIA

કોઈ નિશ્ચિત પશુ, વસ્તુ, સ્થિતિ કે પ્રવૃત્તિથી લાગતી આત્યંતિક બીકને ફો'બિયા કહેવાય છે. ઘણીવાર તો આ પ્રકારની બીકનું પ્રમાણ અત્યંત વધી જતું હોય છે, જેના કારણે લોકોને ઉલ્ટી થાય છે, પરસેવો વળે છે, તેઓ ધ્રુજવા માંડે છે કે, બેશુધ્ધ પણ થઈ જાય છે. ફોબિયાથી બચવા માટે વ્યક્તિએ એ વસ્તુથી દુર રહેવું જોઈએ. મનોવિજ્ઞાનમાં અનેક પ્રકારના ફોબિયાનો ઉલ્લેખ થાય છે.

| | |
|---|---|
| કરોળીયાથી લાગતી બીકને | એકેકિન ફો'બિયા । એવિએટો ફો'બિયા |
| સાપથી લાગતી બીકને | ઓફિડિઓ ફો'બિયા |
| ખુલ્લા વાતાવરણથી લાગતી બીકને | એગ્રો ફો'બિયા । સેનો ફો'બિયા । કેનો ફો'બિયા |
| ઉડવાથી લાગતી બીકને | એરો ફો'બિયા |
| ઊંચાઈથી લાગતી બીકને | એક્રો ફો'બિયા । એલ્ટો ફો'બિયા । હાઈપ્સૂ ફો'બિયા |
| નૃત્યથી લાગતી બીકને | કોરિયો ફો'બિયા |
| ઢીંગલીથી લાગતી બીકને | પિડિયો ફો'બિયા |
| વાળની થી લાગતી બીકને | કીટો ફો'બિયા |
| દર્પણથી લાગતી બીકને | ઈસોપ્ટ્રો ફો'બિયા |
| ૧૩ની સંખ્યાથી લાગતી બીકને | ટ્રિકેડેકા ફો'બિયા |
| લાં...બા શબ્દોથી લાગતી બીકને | હિપોપોટોમોન્સ્ટ્રોસેસ્કિવપેડેલી ફો'બિયા કહેવામાં આવે છે. |

વારીસ અલી એમ. પલસાણીયા (કાકોશી - અમદાવાદ)

### ઓક્ટોબર '૦૮ અંકના જવાબો

૧. ઓસ્ટ્રેલીયા (Australia) ૨. ગુરુ (Jupiter) ૩. ચંદીગઢ (Chandigarh) ૪. બીજીંગ (Beijing)
૫. મહેમુદ અહમદીનેજાદ (Mahmoud Ahmadinejad)

### શબ્દકોષ / DICTIONARY

| અરબી | અંગ્રેજી | ગુજરાતી |
|---|---|---|
| અલઈસ્નૈન | Monday | સોમવાર |
| અસ્સલાસા | Tuesday | મંગળવાર |
| અલઅર્બઆ | Wednesday | બુધવાર |
| અલખમીસ | Thursday | ગુરૂવાર |
| અલ જુમ્આ | Friday | શુક્રવાર |
| અસ્સબ્ત | Saturday | શનિવાર |
| અલઅહદ | Sunday | રવિવાર |
| ફજર | Dawn | પ્રભાત |
| શુરૂક | Sunrise | સૂર્યોદય |
| સબાહ | Morning | સવાર |
| નિસ્ફુન્નહાર | Midday | બપોર |
| ગુરૂબુશ્શમ્સ | Sunset | સૂર્યાસ્ત |
| લૈલ | Night | રાત |

### સામાન્ય જ્ઞાનની ચકાસણી / TEST YOUR GK

૧. ગુજરાત રાજ્ય માર્ગ પરીવહન નિગમ દ્વારા ચાલતી એકસપ્રેસ બસની નામની પ્લેટ કયા રંગની હોય છે ?
As per GSRTC (Gujarat State Road Transport Corporation), which coloured name plate indicate an Express bus?

૨. તંદુરસ્ત મનુષ્યના શરીરનું ઉષ્ણતામાન કેટલું હોય છે?
In terms of degrees, what is the normal temperature of human body?

૩. બ્રાઝીલની રાજધાની કઈ છે?
What is the capital of Brazil?

૪. ફુટબોલની એક ટીમમાં કુલ કેટલા રમનાર ખેલાડી હોય છે?
How many players are there in a playing team of football?

૫. "કુતુબ મીનાર" કયા રાજ્યમાં આવેલું છે?
"Qutub Minar" is located in which state?


**જ્ઞાન કિરણ વિષે કોઈપણ માહિતી માટે સંપર્ક કરો :**

અહેસાનઅલી ઘો (૦૯૯૭૯૧૧૬૦૯૮) ❖ નજરહુસેન કડીવાલા (૦૯૮૭૯૦૯૭૫૩૦)
શબ્બીરઅલી પરબડીયા (૦૯૮૨૫૯૧૯૯૭૧) ❖ હસનઅબ્બાસ ચૌધરી (૦૯૮૭૯૮૨૮૪૧૫)
આબીદઅલી સાઠીયા (૦૯૮૯૨૧૩૬૭૯૦) ❖ ઈ-મેઈલ : gnankiran@gmail.com



PRINTED BOOKPOST

૭૮૬ / ૧૨૧ — THE RAY OF KNOWLEDGE — **જ્ઞાન કિરણ** — ૪૨૯ / ૧૪૩

સળંગ અંક : ૩૫ | શૈક્ષણિક સામયિક - An Education-oriented magazine | નવેમ્બર : '૦૮


આપનો આભાર.
શીઆહ જાફરી મશાયખી મોમીન જમાઅતના "શૈક્ષણિક જાગૃતિ અભિયાન" હેઠળ ચાલતા આ શૈક્ષણિક સામયિક "જ્ઞાન કિરણ" ના માનવંતા ગ્રાહકોને સલામ.

### ...દીલગીર છીએ...

શિક્ષણની જ્યોતને પ્રગટાવવા આપના પરિવારે જ્ઞાન કિરણ સામયિકના ગ્રાહક બની નોંધપાત્ર ફાળો આપ્યો છે. તે બદલ **TFVEC** અને જ્ઞાન કિરણના સંપાદક મિત્રો આપનો આભાર માને છે. જેમ એક છોડ વટવૃક્ષ બનવા માટે જેટલો સમય અને સમસ્યાઓનો સામનો કરે છે તેવીજ રીતે દરેક સામયિક ને પોતાનો વિસ્તરણ કરવા તથા પ્રસિદ્ધિ મેળવવા માટે ઝઝુમવું પડે છે. આપણા જ સમાજના ભણતાં વિદ્યાર્થી ભાઈ-બહેનો દ્વારા પ્રકાશિત કરવામાં આવતા આ સામયિકના વહિવટી અને નવા વર્ષ ૨૦૦૮માં બહોળા વિસ્તારમાં વિતરણ કરવામાં કેટલીક સમસ્યાઓનો સામનો કરવો પડ્યો છે. તેથી સામયિકના ગ્રાહક મિત્રોને પડેલી તકલીફો જેવીકે, સામયિક સમયસર ન મળવું, અત્યાર સુધીનું એક પણ અંક ન મળવું, નવા સરનામાની નોંધ, લવાજમની રસીદ ન મળી હોય, આવી તકલીફો માનવંતા ગ્રાહકોને પડી તે બદલ સંપાદક મંડળ અને વિતરણ કમિટી ક્ષમા માંગે છે. તેથી ઓકટોબર મહિનાથી જ્ઞાન કિરણને પોસ્ટથી મોકલવાની કોશીશ કરી રહ્યા છીએ.

એક કિરણ કાફી હૈ અંધેરેકો ચીરને કે લીએ, એજ રીતે શૈક્ષણિક સમસ્યાઓ દુર કરવા તેમજ શૈક્ષણિક માહિતી પુરી પાડવા જ્ઞાન કિરણ પોતાનાથી થતી બધીજ પ્રવૃત્તિઓ કરવા આતુર છે. સંચાલન કમિટી **TFVEC** દર વર્ષે **AVM** ના સહયોગથી 'જનરલ નોલેજ કવીઝ કોમ્પીટીશન', નાના ભુલકાઓની 'કીડઝ કોમ્પીટીશન' તથા 'ફુલ સ્કેપ ચોપાડાઓનું વિતરણ' કરતી રહી છે. ચાલુ વર્ષે ઓકટોબર ૨૦૦૮ માં વાઘરોલ ગામ ખાતે ઈલ્મોત્સવ '૦૮ ઉજવવામાં આવ્યો હતો.

## ઈન્ટરપોલ શું છે ? / WHAT IS INTERPOL?

ઈન્ટરપોલ એ 'ઈન્ટરનેશનલ' અને 'પોલીસ' એમ બે શબ્દોને ભેગા મેળવીને બનાવેલો છે. આ શબ્દ 'ઈન્ટરનેશનલ ક્રિમિનલ પોલીસ કમિશન' (**Inetnational Criminal Police Commission**) માટે વપરાય છે. ઈન્ટરપોલ એ બીન-રાજકીય, બીન-ધાર્મિક અને બીન-જાતિય સંસ્થા છે કે જેમાં ૧૦૦ દેશો કરતા વધારે દેશોના પોલીસ દળો સંકળાયેલા છે. જેનું વડુંમથક પેરિસ (**Paris**) માં આવેલું છે.

ઈન્ટરપોલનું કાર્ય ગુનેગારોને શોધવાનું છે. આંતરરાષ્ટ્રીય (**International**) કાયદા અનુસાર એક દેશની પોલીસ એ બીજા દેશના ભુમિભાગમાં ગુનેગારને પકડવા પ્રવેશી શકતી નથી, ગુનેગાર ગુનાહ કરીને બીજા દેશમાં ભાગી ગયો હોવા છતાં આ કાયદા અનુસાર ગુનેહગારની ધરપકડ બીજા દેશની પોલીસ કરી શકતી નથી. ઈન્ટરપોલ આવી સમસ્યા વખતે ગુનેહગારને પકડવામાં મદદરૂપ બને છે. દરેક દેશના પ્રતિનિધિ ઈન્ટરપોલમાં હોય છે.

પ્રથમ વિશ્વયુદ્ધ બાદ દુનિયામાં ગુનાહ વધી ગયા છે. ખાસ કરીને યુરોપના ઓસ્ટ્રિયા દેશમાં ગુનાહબાદ ગુનેહગારો ભાગીને બીજા નજીકના દેશમાં જઈને છુપી જતા હતા. આવા ગુનેહગારોને પકડવાના વિએના (**Vienna**) ના પોલીસ વડા

(અનુસંધાન બીજા પાને))

# ફુગાવો / INFLATION

દરેક વસ્તુમાં જેવીકે, ઘરવપરાશની ચીજ, ધંધો-ઉદ્યોગને લગતી વસ્તુઓ તથા મકાન બાંધકામને લગતી સામગ્રી કે પછી કોઈપણ નજીવી ચીજ-વસ્તુના ભાવ વધારાને લીધે છેલ્લા કેટલાક મહીનાથી આપણા દેશની પ્રજા તોબા પોકારે છે. જો લોકોને ભાવ વધારાનો ફાયદો થાય છે તો તેટલાજ પ્રમાણમાં નુકશાન પણ વેઠવું પડે છે. એક સામાન્ય દ્રષ્ટિએ જોવામાં આવે તો ભાવ વધારો દરેકને માટે ફાયદાકારક હોય છે પણ વસ્તુના ભાવમાં સતત ભાવ વધારો થાય તો તે નુકશાનકર્તા સાબિત થાય છે. વર્તમાન સમાચાર પત્રોમાં વાંચવા મળે છે કે પછી ટી.વી. ન્યુઝમાં સાંભળવા મળે છે કે દેશમાં ફુગાવાનો દર ૩.૪૫ થી વધીને ૯ થયો, ૯ થી વધીને ૧૧ થયો કે પછી ૧૨.૩૦ થયો તો આ બધા આંકડાઓ શાના આધારે ગણતરી કરવામાં આવે છે અને આ ફુગાવો ખરેખર છે શું? તો આવો આ ફુગાવા વિશે વિસ્તૃત માહિતી મેળવીએ. ફુગાવાને અંગ્રેજીમાં Inflation કહેવામાં આવે છે. ફુગાવાને સામાન્ય વાતચીતમાં ભાવ વધારા સાથે સરખાવવામાં આવે છે તે વાત સાચી, પણ દરેક બાબત તેના પર આધારીત નથી. જેમકે, ભાવમાં થતા ફેરફારના આંકને ફુગાવાનો દર કહેવામાં આવે છે. એક ઉદાહરણ લઈએ તો સારી અને સરસ રીતે સમજી શકાશે. ધારો કે, અત્યારે દૂધનો ભાવ રૂા. ૨૦ પ્રતી લીટર છે અને ફુગાવાનો દર ૫% ચાલી રહ્યો છે તો કહી શકાય કે આજથી ૨૦ વર્ષ પહેલા દૂધનો ભાવ રૂા. ૧૦/- પ્રતી લીટર હતો અને આજથી ૨૦ વર્ષ પછી દૂધનો ભાવ રૂા. ૪૦/- પ્રતી લીટર થશે. એનો અર્થ એવો થયો કે દૂધનો ભાવ પ્રતી વર્ષ ૫% થી વધારો ગણવામાં આવશે. તો ઉપરોકત ગણતરી સાચી પડશે. પરંતુ જો ભાવમાં સતત ફેરફાર જોવા મળે એટલે કે ફુગાવાનો દર સ્થીર ન હોય તો નીચેની પરિસ્થિતિ સર્જાશે. આજે કોઈ વ્યક્તિ દૂધ રૂા. ૧૦/- પ્રતિ લીટરે લાવે અને ફુગાવો ૧૫% થી વધતો હોય તો દૂધનો ભાવ બીજા દિવસે કંઈક જુદાજ ભાવથી હશે અથવા તો ફુગાવાનો દર ઘટીને ૩% થાય તો દૂધનો ભાવ ઘટીને ઓછો હશે. ફુગાવામાં થતો સતત ફેરફાર એ દરેક દેશના અર્થતંત્રને તોડી નાખવામાં સક્ષમ હોય છે. તેથી જ તો કહેવાય છે કે દેશના અર્થતંત્રને કાબુમાં રાખવા માટે ફુગાવાનો દર ખૂબજ અગત્ય ધરાવે છે. દરેક વ્યક્તિને પોતાના ઘરના બજેટમાં ફુગાવાના દરના આધારે નક્કી કરવો જોઈએ. જેમકે, જો કોઈ વ્યક્તિ પોતાના ઘર વપરાશનો સામાન રૂા. ૩,૦૦૦/- માં લાવતો હોય અને ફુગાવો ૨૦% હોય તો તે વ્યક્તિએ પોતાની આવકમાં પણ વધારો કરવો જોઈએ તોજ તે અત્યારની પરિસ્થિતિ મુજબના જીવન ધોરણે જીવી શકશે નહી તો તકલીફો વેઠવી પડશે.

આમ ફુગાવાનો દર એ કેટલા સમયગાળામાં કેટલો ભાવ વધારો થાય છે તેના પર આધારીત છે. દરેક વસ્તુનો ફુગાવો જુદો જુદો હોય છે. પરંતુ તમામ વસ્તુઓના ભાવમાં ફેરફારના પ્રમાણના આધાર અને દેશના GDP (Gross Domestic Product) ના આધારે દેશનો Inflation Rate નક્કી કરવામાં આવે છે. ફુગાવાનો દર એ આયાત-નિકાસના દરને પણ અસર કરે છે અને સામાન્ય વ્યક્તિના બજેટને પણ અસર કરે છે.

જે દેશનો ફુગાવાના દરમાં સ્થિરતા જોવા મળે છે તે દેશનો વિકાસદર પણ વધતો જોવા મળે છે. અત્યારની સરકારને જો સૌથી વધુ પરેશાન કરતો મુદ્દો હોય તો તે ફુગાવાના દરમાં થતો વધારો જ છે. ફુગાવાના દરને કન્ટ્રોલ કરવા માટે સરકાર પોતાની રીતે નુસખાઓ અજમાવી રહી છે. ❖

નજરહુસેન જી. કડીવાલા (વાઘરોલ - અમદાવાદ)

---

(ઈન્ટરપોલ/પહેલા પાનાનું ચાલુ)

જ્હોન સ્કોબર (**Johann Scober**) એ ૧૯૨૩ માં વિવિધ દેશોના પોલીસ અધિકારીઓની મીટીંગ બોલાવી. આ મીટીંગમાં ૨૦ દેશોએ ભેગા મળી ઈન્ટરપોલની સ્થાપના કરી. ઈન્ટરપોલનું પ્રથમ વડુંમથક વિએના (**Vienna**) માં બન્યું અને તેના અધ્યક્ષ (**President**) સ્થાને જ્હોન ની નિમણૂંક થઈ.

ઈ.સ. ૧૯૩૮ માં જર્મનીએ ઓસ્ટ્રિયા પર આક્રમણ કરતાંની સાથે ઈન્ટરપોલનો અંત આવ્યો. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન ઈન્ટરપોલ નિષ્ક્રિય રહ્યું. બીજા વિશ્વયુદ્ધ બાદ ફલોરન્ટ લોવાગે (**Flaurent Lovagay**) કે જે બેલ્જિયમ પોલીસના પોલીસવડા હતા, તેમણે ઈન્ટરપોલને ફરીથી સશક્ત બનાવ્યું. થોડીક જરૂરીયાતોના અભાવે ઈન્ટરપોલનું વડુંમથક બેલ્જિયમમાં ના બની શક્યું. પેરિસ (**Paris**) નવું વડુંમથક બન્યું. ઈ.સ. ૧૯૫૫ માં ૫૫ દેશો ઈન્ટરપોલમાં જોડાયા. ભારત ઈન્ટરપોલના સદસ્ય તરીકે ૧૯૩૮ માં જોડાયું હતું. ઈ.સ. ૧૯૫૬ માં ઈન્ટરપોીની નવી રચના થઈ.

ઈન્ટરપોલના ગુનેહગારોને પકડવા અત્યાધુનિક પદ્ધતિનો ઉપયોગ કરે છે. ગુનેહગારને શોધવા અને ધરપકડ કરવી એ આ સંસ્થાનું કાર્ય છે. તે કોઈ રાજનિતિક, સૈન્ય કે ધાર્મિક પ્રવૃત્તિ માટે ઉપયોગમાં લઈ શકાતી નથી. ❖

વારીસ અલી એમ. પલસાણીયા (કાકોશી - અમદાવાદ)

# આર્થિક મંદી, બહાર નીકળવાના વિકલ્પ કયા ?

અમેરિકાની સરકારે પ્રજાને એક સૂત્ર આપ્યું. **રિડ્યુસ, રિયુઝ એન્ડ રિસાઈકલ** (**Reduce, Reuse and Recycle**). પહેલી નજરે અર્થપૂર્ણ ન લાગતું આ સૂત્ર વ્યક્તિ, કંપનીએ, કોર્પોરેટ હાઉસોએ અને પરિવારાઓ જીવનમાં ઉતારવા જેવું છે.

અમેરિકાની બૅન્કોએ આડેધડ ધિરાણો કર્યા. મિલકતો પર પણ પૂરતી બાંયધરીઓ કે ગેરન્ટીઓ મેળવ્યા વિના જ ધિરાણો કર્યા. પરિણામે અમેરિકાની હજારો બૅન્કો અને નાણાં સંસ્થાઓના નાણાં ડૂબ્યા. અત્યાર સુધીમાં અમેરિકાની અઢારથી વધુ બૅન્કો કાચી પડી ચૂકી છે. હજીય ઘણી બૅન્કો કાચી પડશે. નાણાં સંસ્થાઓ નબળી પડી ચૂકી છે. વીમા કંપનીઓ પણ નબળી પડી છે. આ બધી જ હકીકતો જગજાહેર છે. આ સમગ્રસ્થિતિ જ અમેરિકાને આર્થિક કટોકટી ભણી ધકેલી ગઈ છે. અમેરિકા વિશ્વના મોટું અર્થતંત્ર હોવાથી તેની સાથે આયાત-નિકાસના સંબંધો ધરાવતા દેશો પર તેની અસર પડે તે સહજ છે. આજે અમેરિકાની આર્થિક કટોકટીની અસર બ્રિટન, ઑસ્ટ્રેલિયા સહિતના યુરોપિયન સંઘના દેશો તથા એશિયાના દેશો પર પણ જોવા મળી રહી છે.

જાપાન અને પણ તેની અસર હેઠળ જ મંદીની પકડમાં સપડાઈ રહ્યું છે. આ જ મંદીના ઓછાયાઓ આજે ભારતીય કંપનીઓ પર પણ ઉતરવા માંડ્યા છે. ટેક્સાઈટલ સેક્ટર તેનો મોટો ભોગ બની રહ્યું છે. યાર્ન અને રેડિમેડ ગારમેન્ટની મોટી નિકાસ ભારત અમેરિકા સહિત પશ્ચિમના દેશોમાં કરે છે. પરંતુ આર્થિક કટોકટીની અસર હેઠળ પશ્ચિમના દેશોની બહુ જ જાણીતી રિટેઈલ ચૅઈન બંધ પડવા માંડી છે. તેની સીધી અસર ભારતીય કંપનીઓની રેડિમેડ ગારમેન્ટની નિકાસ પર પડેલી જોવા મળી રહી છે. આ અસર હેઠળ જ અંદાજે ભારતના ટેક્સટાઈલ ક્ષેત્રના પાંચ લાખ લોકો રોજી ગુમાવે તેવી દહેશત કેન્દ્ર સરકારે વ્યક્ત કરી છે.

ટેક્સટાઈલ જેવી જ હાલત ગુજરાતના કેમિકલ ઉદ્યોગની છે. કેમિલક ઉદ્યોગના અંદાજે ૧૦૦૦ કરોડથી વધુ વિદેશમાંથી આવનારા પેમેન્ટમાં સલવાઈ ગયા છે. બીજું, ઓલિમ્પિક દરમિયાન એટલે કે ગયા ઓગસ્ટના અરસામાં ચીનનું ઉત્પાદન બંધ હોવાથી બજારમાં અસાધારણ હદે કાચા માલના ભાવ વધી ગયા હતા. આ કાચો માલ કેમિકલના ઘણાં ઉત્પાદકોએ લઈ લીધો છે. આ જે એ જ માલના ભાવ તૂટી ગયા છે. પરિણામે ઊંચા ભાવના કાચા માલનો ભરાવો છે ત્યારે ફિનિશ્ડ પ્રોડક્ટ્સના ભાવ તૂટી ગયા છે.

ત્રીજું, અન્ય દેશના આયાતકારો કન્સાઈમેન્ટ ત્યાં પહોંચ્યા પછી તે છોડાવવાનો ઇનકાર કરી દઈને ભાવમાં બાર્ગેઈન કરતાં થઈ ગયા છે. પરિણામે વધુ ફટકો પડે છે. કારણ કે માલ પાછો લાવી શકાતો નથી. તેમની શરતો સ્વીકારવા સિવાય છૂટકો પણ રહેતો નથી. હજી બરાક ઓબામાની સરકાર આઉટ સોર્સિંગના કામકાજ અંગેની નીતિ જાહેર કરે તે પછી ભારતના આઉટ સોર્સિંગના કામકાજ પર તેની કેવી અસર પડશે તેનો ખ્યાલ આવશે.

આ જ સ્થિતિને નિપટવા માટે અમેરિકાની સરકારે સ્થાનિક પ્રજાને રિડ્યૂસ રિયુઝ અન રિસાઈકલનો મંત્ર આપ્યો છે. પહેલી નજરે આ સીધોસાદો લાગતો મંત્ર અર્થહીન લાગે કે તેનાથી કંઈ જ ન વળે તેવી લાગણી જન્મી શકે છે. આભ ફાટ્યુ હોય ત્યાં થિગડું કેવી રીતે દેવું? આ સૂત્રના ઊંડાણનો તાગ મેળવવામાં આવે તો તેની બારીકી સમજી શકાય છે. એપ્રિલ ૨૦૦૩થી શેરબજારની તેજી અને વિકાસની દિશામાં સડસડાટ દોડતા આવેલા વેપાર ઉદ્યોગોએ મહત્વાકાંક્ષી આયોજનો કર્યા છે. વિસ્તરણની બહુ મોટી યોજનાઓ તૈયાર કરીને તેની પાછળ મસમોટા ખર્ચાઓ કરવાનું આયોજન કર્યું છે.

હવે અમેરિકાની સરકારે કંપનીઓને સૂચના આપી દીધી છે કે તમારી જરૂરિયાતને ઘટાડો. તમને પાંચ વસ્તુથી ચાલતુ હોય તો છઠ્ઠીનો ઉપયોગ કરવાનો પણ વિચાર ન કરો. બીજા શબ્દોમાં કહીએ તો કંપનીઓએ અને વ્યક્તિએ વધારાની જરૂરિયાત પાછળના ખર્ચાઓ ટાળવા જોઈએ. અમેરિકી સરકારના આ સૂચનને માન્ય રાખીને ઘણી કંપનીઓના માલિકોએ તેમના ખાનગી વિમાનોને હેન્ગારમાં મૂકી દેવાનો નિર્ણય કર્યો છે. એક કારથી ચાલતુ હોય તો બીજી કારનો ઉપયોગ કરવાનું ટાળવા માંડ્યું છે. જોબ પર જનારાઓ પણ અલગ અલગ કારમાં જવાને બદલે એક જ કારથી કે પબ્લિક ટ્રાન્સપોર્ટનો ઉપયોગ કરીને દેશની આર્થિક કટોકટીનું નિવારણ લાવવામાં સહયોગ આપતા થયા છે. તેની અસર હેઠળ અમેરિકામાં ક્રૂડનો વપરાશ ઘટ્યો છે. વિશ્વમાં તૈયાર થતા કુલ ક્રૂડમાંથી ૪૦ ટકા ક્રૂડ એકલું અમેરિકા વાપરતું હોવાનું કહેવાય છે. તેની અસર હેઠળ જ અમુક અંશે ક્રૂડના ભાવ ઘટ્યા છે. દોઢ-બે મહિનામાં ક્રૂડના ભાવમાં ૫૦ ટકાથી વધુનો ઘટાડો જોવા મળ્યો છે.

તેની સાથે બીજું સૂચન છે રિયુઝનું. જે વસ્તુ ફરીથી વાપરી શકાતી હોય તે વસ્તુને ફરીથી વાપરો. તેને બદલે નવી લેવાનો આગ્રહ ન રાખો. પરિણામે ખર્ચમાં કાપ આવશે અને અર્થતંત્ર પર વધારાનું ભારણ નહિ ઊભું થાય. ત્રીજું, જે વસ્તુને રિસાઈકલ કરી શકાતી હોય તેને રિસાઈકલ કરીને ફરીથી ઉપયોગ કરો. આમ તેણે ઉડાઉ દીકરાને કરકસરથી જીવતા શીખવાડવાની કવાયત ચાલુ કરી છે. તેની આરંભિક અસર દેખાઈ રહી છે. ક્રૂડના ઘટતા ભાવ તેનું પહેલું ઉદાહરણ છે.

ભારતીય કંપનીઓએ અને વ્યક્તિઓએ પણ તેમાંથી બોધપાઠ લઈને પાણી પહેલા જ પાળ બાંધવાનું આયોજન કરવું જોઈએ. અમેરિકાએ કરી છે તેવી શરૂઆત કે આયોજન સાથે ભારતની કંપનીઓના માલિકો અત્યારથી જ આગળ વધશે તો આર્થિક કટોકટીની અમેરિકા જેટલી ભીંસ વધે તે પહેલા જ આપણે આપણા દેશના આર્થિક કટોકટીમાં ફસાતો અને મંદીની ગિરફ્તમાં જકડાઈ જતો અટકાવી શકીશું ❖